# INDO CREDIT CAPITAL LIMITED

Regd. Office : 304, Kaling, B/h. Bata Show Room, Nr. Mt. Carmel School,
Ashram Road, Ahmedabad-380 009.
Tele Fax: 079-26580366 Email ID : indocredit@rediffmail.com

24th October, 2024

To,
**The Department of Corporate Services**
**BSE Limited**
**Ground Floor, P. J. Tower,**
**Dalal Street,**
**Mumbai - 400 001**

***Script Code: 526887***

**Subject: Intimation of Publication of Unaudited Financial Results for Second Quarter and Half Year Ended on September 30, 2024 in Newspaper.**

Pursuant to Regulation 47 of SEBI (Listing of Obligation and Disclosure Requirements) Regulation, 2015, the Unaudited Financial Results for the Second Quarter and Half Year Ended September 30, 2024 were duly published in following newspaper:

1. **Western Times (Gujarati)**
2. **Western Times (English)**

The copy of published Results is enclosed for your reference.

Please take the same on your record and oblige.

**For Indo Credit Capital Limited**

Ramkaran Saini

INDO CREDIT CAPITAL LIMITED AHMEDABAD

**Ramkaran Mangachand Saini**
**Whole Time Director**
**DIN: 00439446**

**(Encl. as above)**

### તા. ૭ થી ૧૫ નવેમ્બર દરમિયાન

# વડતાલ સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાશે



**(પ્રતિનિધિ) નડિયાદ,**
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ ખાતે આગામી ૭ નવેમ્બર થી ૧૫ નવેમ્બર દરમ્યાન શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ખૂબજ ધામધૂમ પૂર્વક ઉજવાનાર છે. આ પ્રસંગે સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત દેશ વિદેશના લાખો હરિભક્તો પ્રબોધિની સમૈયામાં ભાગ લઈ ઉત્સવને દિપાવશે..

વડતાલ મંદિરના મુખ્ય કોઠારી ડૉ. સંતવલ્લભદાસજી સ્વામીએ મીડિયાને સંબોધતા જણાવ્યું હતું કે, તા. ૭ નવેમ્બર ગુરૂવારના રોજ સવારે ૮:૦૦ કલાકે વલેટવા ચોકડીથી મહોત્સવ પરિસર સુધી વિશાળ પોથીયાત્રા યોજાશે. જેમાં આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ, ચેરમેન સહિત સંપ્રદાયના વડીલ સંતો-પાર્ષદો તેમજ હરિભક્તો મોટી સંખ્યામાં જોડાશે. આ પોથીયાત્રા કળશયાત્રા સવારે ૧૦:૩૦ કલાકે વડતાલ સભામંડપ ખાતે પધારશે. જ્યાં ૨૦૦ ભુદેવો વિદ્યાર્થીઓ દ્વારા શંખનાદ કરવામાં આવશે. સવારે ૧૧:૦૦ કલાકે દીપ પ્રાગટ્ય સાથે મહોત્સવનું ઉદ્ઘાટન થશે. સવારે ૧૧:૪૫ કલાકે ઠાકોરજી, પોથીજી, આચાર્યશ્રી તથા કથાના બંન્ને વક્તાઓનું યજમાન પરિવાર ધ્વારા પૂજન કરવામાં આવશે.

આ ઉપરાંત સપ્તાહ દરમિયાન થનાર કાર્યક્રમની માહિતી આપતા વધુમાં જણાવ્યું હતું કે તા.૮ નવેમ્બરના રોજ સાંજે ૫:૩૦ કલાકે ઘનશ્યામ પ્રાગટ્યોત્સવ યોજાશે. તા.૯ નવેમ્બરના રોજ સવારે ૫:૩૦ કલાકે સર્વશાખા વેદ પારાયણનો પ્રારંભ નંદસંતોની ધર્મશાળા ખાતે થશે. બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ દરમ્યાન મહિલા મંચ યોજાશે. સાંજે ૫:૦૦ કલાકે જપાત્મક અનુષ્ઠાનની પૂર્ણાહુતિ મંદિર પરિસર ખાતે યોજાશે. તા.૧૦ નવેમ્બરના રોજ સુક્તમ અનુષ્ઠાન હોમાત્મક યજ્ઞનો પ્રારંભ સવારે ૮:૦૦ કલાકે મંદિર પરિસર ખાતે થશે. તા.૧૧ નવેમ્બરના રોજ સાંજે ૪:૦૦ કલાકે વડતાલ આગમન ઉત્સવ અને સાંજે ૫:૩૦ કલાકે જેતપુર શ્રીહરિ ગાદી પટ્ટાભિષેક મહોત્સવ પરિસર ખાતે રાખેલ છે. તા.૧૨ નવેમ્બરના રોજ સવારે ૭:૦૦ થી ૧૦:૦૦ દરમ્યાન અક્ષરમૂર્તિ શ્રી ગોપાળાનંદ સ્વામીના આસને સંત દીક્ષા. જ્યારે સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન મંદિર પરિસરમાં સૂકામેવાનો અન્નકુટ ભરવામાં આવશે. બપોરે ૩:૩૦ થી ૭:૩૦ કલાક દરમિયાન મંદિર પરિસરમાં હાટડી ભરવામાં આવશે. સાંજે ૪:૦૦ કલાકે વડતાલ ગોમતીજી બેન્ડવાજા, ડી.જે.ના તાલે ગોમતીજી સુધી ભવ્યા તિ ભવ્ય જળયાત્રા નીકળશે. જે ફક્ત યજમાનો માટે છે. સાંજેના ૪:૦૦ કલાકે સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યોત્સવ મહોત્સવ પરિસર ખાતે યોજાશે. તા.૧૩ નવેમ્બરના રોજ સવારે ૬:૦૦ કલાકે શ્રી લક્ષ્મીનારાયણ દેવ સહિત મંદિરમાં બિરાજતા દેવોનો પાટોત્સવ અભિષેક યોજાશે. સવારે ૧૦:૩૦ કલાકે વંઢામાં નૂતન સંત નિવાસનું ઉદ્ઘાટન આચાર્ય મહારાજના હસ્તે કરવામાં આવશે. સવારે ૧૦:૦૦ કલાકે વડતાલ મંદિરમાં અન્નકુટ દર્શન, સાંજે ૫:૩૦ કલાકે વડતાલ પુષ્પદોલોત્સવ મહોત્સવ પરિસરમાં યોજાશે. તા.૧૪ નવેમ્બરના રોજ સાંજે ૫:૩૦ કલાકે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ભવ્યા તિ ભવ્ય રીતે ઉજવાશે. તા.૧૫ નવેમ્બરના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે મહોત્સવની પૂર્ણાહુતિ થશે. અને સાંજે ૬:૦૦ કલાકે ભક્તિમાતાનો જન્મોત્સવ મંદિર પરિસરમાં ઉજવાશે.

દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત તા.૭ થી ૧૫ નવેમ્બર દરમ્યાન પૂ.જ્ઞાનજીવનદાસજી (કુંડળધામ) અને પૂ.નિત્યસ્વરૂપદાસજી (સરધારધામ) તરફથી શ્રીજી પ્રસાદી માહાત્મ્ય કથા અને શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું આયોજન કરવામાં આવેલ છે. જેનો સમય સવારે મહોત્સવના અન્ય આકર્ષણો.

# સંઘપ્રદેશ દમણ દીવ અને દાનહની સ્થાનીય સ્વરાજ સંસ્થાઓના પ્રતિનિધિઓએ દિલ્હીની મુલાકાત લીધી


(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) દમણ,**
દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાનિર્દેશ અને સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ-દીવ અને લક્ષદ્વીપ ના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ ના માર્ગદર્શનમાં સરકાર દ્વારા સંઘ પ્રદેશ થ્રીડી ના તમામ સ્થાનીય સ્વરાજ સંસ્થાઓ ના પ્રજાના પ્રતિનિધિઓ માટે દેશ ની રાજધાની દિલ્હી ખાતે ની યાત્રા ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ યાત્રા માં પ્રજાના પ્રતિનિધિઓએ દેશ ની લોકશાહીની સૌથી મોટી પંચાયત એવી જૂની અને નવી સંસદ અને યશોભૂમિ, સ્ટેટ ઓફ ધ આર્ટ કન્વેન્શન સેન્ટર, ઉપરાષ્ટ્રપતિ નિવાસસ્થાન સહિત મહત્વપૂર્ણ સ્થળો ની મુલાકાત લીધી હતી. દેશની સંસદમાં પગ મુકતાની સાથે લોકશાહી ના ધબકારા નજર સામે ધબી રહ્યા હોય તેવો અહેસાસ થતો હતો. દેશ ની સંસદ માં દેશના કેટલા બધા મહાનુભાવોના પગલા પડ્યા હશે તે જોઈને તમામ ને સંસદ ની સામે શિશ નમાવવાની પ્રેરણા મળી.નવી સંસદ નો પણ અનુભવ જણાવતા પ્રતિનિધિઓ કહ્યું હતું કે આ નવી સંસદ ૨૦૪૭માં વિકસિત ભારત નું પ્રતિબિંબ આપે છે. નવી સંસદ માં આધુનિક વિશ્વની સુવિધાઓ અને ભારતીય સંસ્કૃતિ નું મિશ્રણ દ્રશ્યમાન થતુ હતું.તમામ એ સ્ટેટ ઓફ ધ આર્ટ કન્વેન્શન સેન્ટર ની મુલાકાત પણ લીધી હતી જેનું માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જી એ ઉદ્ઘાટન કર્યુ હતું.

ત્યાર પશ્ચાત પ્રજાના પ્રતિનિધિઓ ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ જી ના નિવાસસ્થાન અને વીપી એન્કલેવ પણ ગયા હતા. ત્યાં માનનીય ઉપરાષ્ટ્રપતિ જી ની મહેમાન નવાજી ખરેખર વર્ષો વર્ષ સુધી યાદ રહશે એવો અનુભવ રહ્યો હતો. માનનીય ઉપરાષ્ટ્રપતિ જી એ તેમને અમુલ્ય માર્ગદર્શન પણ આપ્યું હતું. ઉપરાષ્ટ્રપતિ જી એ તેમને જણાવ્યું હતું કે તમારી આ દિલ્હી યાત્રા બાબતે સંઘ પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે તેમને ચાર થી પાંચ વાર ફોન કરી ને સંઘ પ્રદેશના પ્રજાના પ્રતિનિધિઓ ને કોઈ અસુવિધા નથી ને તે બાબતે કાળજી પણ લીધી હતી.

સંઘ પ્રદેશ થ્રીડી પ્રશાસન ના વરિષ્ઠ આઈએએસ અને યુટીએસ કેડરના અધિકારીઓ પણ આખી યાત્રા માં તેમને સાથે-સાથે રહ્યા હતા. વિવિધ સ્થળો ની મુલાકાત થી લઈ ને તમામ સુવિધાઓ ની તકેદારી પણ પ્રશાસને રાખી હતી.સંઘ પ્રદેશ થ્રીડી ના ઈતિહાસ માં પ્રથમ વાર તમામ જિલ્લા પંચાયત અને નગરપાલિકા ના પ્રમુખો, ઉપપ્રમુખો, સરપંચો, જિલ્લા પંચાયત સભ્યો ને એક સાથે દેશ ની રાજધાની દિલ્હી ખાતે લઈ જઈ દેશ ની સંસદ સહિત વિવિધ સ્થળો ની મુલાકાત કરાવી ને તમામ ને લોકશાહી પરંપરા ને વધુ સારી રીતે સમજવાનો જે મોકો આપ્યો તે બદલ તમામ એ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જી અને સંઘ પ્રદેશો ના પ્રશાસક માનનીય શ્રી પ્રફુલભાઈ પટેલ નો દિલ થી આભાર માન્યો હતો

# ઝારખંડ ભાજપમાં ઉમેદવારોની યાદીને લઈને પાર્ટીમાં અસંતોષ

**(એજન્સી) રાંચી,**
ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીને લઈને ભારે ઉત્તેજના છે. ભાજપે વિધાનસભા ચૂંટણી માટે ટિકિટ જાહેર કરી દીધી છે. જે બાદ ભાજપમાં પણ નેતાઓ અને કાર્યકરોમાં અસંતોષ દેખાવા લાગ્યો છે. ભાજપની યાદી અંગે, પાર્ટીના નેતાઓએ તેના સમર્પિત કાર્યકરોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો છે. તેઓ એમ પણ કહી રહ્યા છે કે પાર્ટીએ અન્ય પક્ષોમાંથી ભાજપમાં જોડાનારાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

ભાજપના એક નેતાએ કહ્યું કે અમે દુખી છીએ. જો તમે યાદી જુઓ છો, તો પાર્ટીએ તેના પોતાના સમર્પિત કાર્યકરોને અવગણીને અન્ય પક્ષોમાંથી ભાજપમાં જોડાનારાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અત્યાર સુધીમાં જાહેર કરાયેલા ૬૬ ઉમેદવારોમાંથી અડધાથી વધુ ઉમેદવારો અન્ય પક્ષોના છે. યાદી જાહેર થયા બાદ ભાજપના નેતાઓની નારાજગી એટલી છે કે તેઓ પાર્ટી બદલી રહ્યા છે. ઘણા ભૂતપૂર્વ ધારાસભ્યો તાજેતરમાં જ ભાજપ છોડીને જેએમએમમાં જોડાયા છે. ગઈકાલે, પૂર્વ ધારાસભ્ય લુઈસ મરાંડી, કુણાલ સારંગી અને લક્ષ્મણ ટુડુ સહિત ભાજપના ઘણા નેતાઓ જેએમએમમાં જોડાયા હતા. ગયા અઠવાડિયે, ત્રણ વખત ભાજપના ધારાસભ્ય કેદાર હઝરા અને તેના સાથી એજેએસયુ પાર્ટીના ઉમાકાંત રજક પણ શાસક પક્ષમાં જોડાયા હતા.કુણાલ સારંગીએ જણાવ્યું કે હું વિદેશમાં નોકરી છોડીને સમાજ સેવા કરવા ભારત આવ્યો છું. મેં તમામ મહત્વપૂર્ણ લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈએ ધ્યાન આપ્યું નહીં. શું ખોટું હતું તે જાણવાનો પ્રયાસ પણ કર્યો નથી. લોકસભા ચૂંટણી દરમિયાન મને જમશેદપુર સીટ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ હવે ટિકિટ નકારી દેવામાં આવી હતી. ભાજપમાં કોઈએ મને બોલાવવાની તસ્દી લીધી નથી.

ભાજપ છોડવા અંગે લુઈસ મરાંડીએ કહ્યું કે ૨૪ વર્ષ સુધી ભાજપની સેવા કર્યા બાદ તેનાથી અલગ થવું દુખદ છે. જેએમએમનો ગઢ ગણાતા દુમકામાં ભાજપે ૨૦૧૪માં ઐતિહાસિક જીત નોંધાવી હતી. હવે ભાજપે એ મહિલાઓને સન્માન આપ્યું કે જેમને બહારથી પાર્ટીમાં લાવવામાં આવી હતી, ના કે જેમણે પોતાનું આખું જીવન તેમને સમર્પિત કર્યું હતું. મરાંડીએ કહ્યું કે ભાજપ ઈચ્છે છે કે હું બરહૈતથી ચૂંટણી લડું, જે મારા માટે નવી સીટ હતી. મને મારી બેઠક નકારી હતી. દરમિયાન, ૨૦૧૯ માં કોંગ્રેસની મંજુ કુમારીને હરાવીને જમુઆ બેઠક જીતનાર હઝરાએ કહ્યું કે તેણે ત્રણ દાયકા સુધી ભાજપની સેવા કરી હોવા છતાં, તેમની ઉપેક્ષા કરવામાં આવી હતી.

જોકે, આસામના મુખ્યમંત્રી અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીના સહ-પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ આ દાવાઓને ફગાવી દીધા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે પાર્ટીની અંદર કોઈ મોટો અસંતોષ નથી. તેમણે કહ્યું કે ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ પાર્ટીના નેતાઓ નારાજ થાય તે સ્વાભાવિક છે કારણ કે ભાજપ એક મોટી પાર્ટી છે. તેમણે એમ પણ કહ્યું છે કે તેઓ ટૂંક સમયમાં સરમાના અસંતુષ્ટ નેતાઓને મળશે.


આણંદ તેમજ આસપાસની જાહેરજનતાને આકસ્મિત સમયે મેડિકલ સુવિધા ઝડપથી મળી રહે તે હેતુ માનનીય સાંસદસભ્ય શ્રી ડો.અમીબેન યાજ્ઞિક ( એમ.પી ફંડ ) ની ગ્રાન્ટમાંથી શ્રીમતી મીનાક્ષી દેવી વર્મા ચેરીટેબલ ટ્રસ્ટ ને એમ્બ્યુલન્સ અર્પણ કરવામાં આવી. એમ્બ્યુલન્સ લોકાર્પણ કાર્યક્રમ રાધાકૃષ્ણ મંદિર, અમૂલ ડેરી રોડ ખાતે કરવામાં આવ્યું, જેમાં મુખ્ય મહેમાન ડો. અમીબેન યાજ્ઞિક અને મહંત શ્રી ભગવાનદાસજી મહારાજ( નવા રામજી મંદિર )હતા.એમ્બ્યુલન્સની પૂજા મહંત શ્રી ભગવાનદાસજી મહારાજના હસ્તે કર્યા બાદ અમીબેન યાજ્ઞિક દ્વારા લીલી જંડી દેખાડીને એમ્બ્યુલન્સ ને રવાના કરવામાં આવી.નગરસેવકો સત્સંગીઓ અને સેવાભાવી લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા.(તસ્વીરઃ- વી.એ. ઉપાધ્યાય, આણંદ)

# દિલ્હી સરકાર હવે દિવ્યાંગોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું પેન્શન આપશે

**(એજન્સી)નવીદિલ્હી,**
દિલ્હી સરકાર હવે દિવ્યાંગોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું પેન્શન આપશે. દિલ્હી દેશનું એકમાત્ર રાજ્ય છે જે વિકલાંગોને દર મહિને આટલી રકમ આપે છે. દિલ્હીના સમાજ કલ્યાણ મંત્રી સૌરભ ભારદ્વાજે આની જાહેરાત કરી હતી.

સૌરભ ભારદ્વાજે કહ્યું કે દિલ્હી સરકારે દિવ્યાંગોને મહત્તમ મદદ આપવાનો નિર્ણય કર્યો છે. જે લોકોની વિકલાંગતા ૬૦ ટકાથી વધુ ડૉક્ટર દ્વારા પ્રમાણિત છે તેઓ દર મહિને ૫,૦૦૦ રૂપિયાના પેન્શન માટે લાભાર્થી બની શકે છે. કેબિનેટે આ નિર્ણયને મંજૂરી આપી દીધી છે.

ભારદ્વાજે જણાવ્યું કે પેન્શન મેળવવા માટે મેડિકલ સર્ટિફિકેટ અને UDID કાર્ડ બને છે. સરકાર ટૂંક સમયમાં નોંધણી શરૂ કરશે, આ યોજનાને તાત્કાલિક અસરથી લાગુ કરવા સંબંધિત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

તેમણે કહ્યું કે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ૨૦૧૧ના આંકડા દર્શાવે છે કે વિશ્વની ૧૫ ટકા વસ્તી કોઈને કોઈ પ્રકારની વિકલાંગતાનો સામનો કરી રહી છે. ગણતરી મુજબ, દિલ્હીમાં લગભગ ૨,૩૪,૮૮૨ લોકો વિકલાંગ છે. દિલ્હી સરકાર જેમને પેન્શન આપી રહી છે તેવા ૧,૨૦,૦૦૦ વિકલાંગ લોકોની વિકલાંગતા ૪૨ ટકાથી વધુ છે.

# દેશમાં વધી રહેલી મોંઘવારીની અસર હવે ‘ભારત’ બ્રાન્ડના લોટ, ચોખા અને દાળ પર પડવા લાગી

**(એજન્સી)નવીદિલ્હી,**
દેશમાં વધી રહેલી મોંઘવારીની અસર હવે ‘ભારત’ બ્રાન્ડના લોટ, ચોખા અને દાળ પર પડવા લાગી છે. હા, સરકારે આ ત્રણેય ઉત્પાદનોના દરમાં વધારો કર્યો છે. વધેલી કિંમતો આજથી ૨૨ ઓક્ટોબરથી લાગુ થશે અને આ ત્રણ વસ્તુઓ આવતીકાલથી વધેલા દરે ઉપલબ્ધ થશે. સેન્ટ્રલ કન્ઝ્યુમર અફેર્સ સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, આજે સરકારે ભારત બ્રાન્ડ ફેઝ-૨ લોન્ચ કર્યો છે. આ બીજા તબક્કા હેઠળ સરકારી લોટ, દાળ અને ચોખાના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

સરકાર સહકારી મંડળીઓ એનએએફઈડી, એનસીસીએફઅને કેન્દ્રીય ભંડાર દ્વારા લોકોને બજાર કરતાં સસ્તા દરે લોટ, કઠોળ અને ચોખા પૂરા પાડે છે. ફેઝ-૨ની શરૂઆતમાં,એનસીસીએફની વાન ૪ રાજ્યોમાં નવા દરે લોટ, દાળ અને ચોખાનું વેચાણ કરશે. આ પછી, ત્રણેય વસ્તુઓ આગામી ૧૦ દિવસમાં દેશભરમાં નવા દરે વેચવામાં આવશે. આ વાનમાંથી લોકો સસ્તામાં ડુંગળી અને ટામેટાં પણ ખરીદી શકશે. તમને જણાવી દઈએ કે બેશક ભારત બ્રાન્ડના લોટ, દાળ અને ચોખાના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, પરંતુ નવા દરો પણ બજારના દરો કરતા ઓછા હશે.

રિપોર્ટ્સ અનુસાર, નવા ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે ‘ભારત આટા’નો દર હવે ૨૭.૫૦ રૂપિયા નહીં પરંતુ ૩૦ રૂપિયા પ્રતિ કિલો હશે. ‘ભારત ચોખા’નો દર ૩૪ રૂપિયા પ્રતિ કિલો અને ‘ભારત ચણાની દાળ’ હવે ૭૦ રૂપિયા પ્રતિ કિલો નહીં પરંતુ ૬૫ રૂપિયામાં મળશે. આવી સ્થિતિમાં હવે ૧૦ કિલો ભરત આટાની કિંમત ૨૭૫ રૂપિયા નહીં પરંતુ ૩૦૦ રૂપિયા થશે. ૧૦ કિલો ભારત ચોખાની કિંમત ૨૯૦ રૂપિયા નહીં પરંતુ ૩૪૦ રૂપિયા હશે. આખા ચણાની દાળ ૫૮ રૂપિયા પ્રતિ કિલો, મગની દાળ ૧૦૭ રૂપિયા પ્રતિ કિલો, આખા મગની દાળ ૯૩ રૂપિયા પ્રતિ કિલો અને મસૂર દાળ ૮૯ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળશે.

રિપોર્ટ્સ અનુસાર, દર વધ્યા પછી પણ ભારત સરકાર લોટ પર પ્રતિ કિલો રૂ. ૨.૩૫ની સબસિડી આપશે. ‘ભારત ચોખા’ માટે પ્રતિ કિલો ૨ રૂપિયાની સબસિડી હશે. રિપોર્ટ્સ અનુસાર, ભારતીય બજારમાં લોટનો ભાવ લગભગ ૩૬ રૂપિયા, ચોખા લગભગ ૪૩ રૂપિયા અને ચણાની દાળ ૯૪ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. કેટલીક જગ્યાએ તે ૧૨૦ રૂપિયા અને ૭૦ રૂપિયા પ્રતિ કિલો પણ છે. મગની દાળ ૧૨૪ રૂપિયા અને મસૂર દાળ ૮૯ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે.

# નીતિશ કુમાર નબળા અને બીમાર મુખ્યમંત્રી : તેજસ્વી યાદવ

**(એજન્સી)પટણા,**
બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સોમવારે ડીજીપી આલોક રાજ અને પ્રિન્સિપલ સેક્રેટરી અરવિંદ કુમારની સામે મંચ પર જોડાતા જોવા મળ્યા હતા. નીતીશ કુમારે અધિકારીઓને હાથ જોડીને વિનંતી કરી ત્યારે વિપક્ષના નેતા તેજસ્વી યાદવે મુખ્યમંત્રી પર ઉગ્ર નિશાન સાધ્યું છે. તેજસ્વીએ લખ્યું હતું

તેજસ્વી યાદવે કહ્યું કે, મુખ્યમંત્રી નીતિશ કુમારના આવા વર્તનને કારણે બિહારમાંથી શાસન ખતમ થઈ ગયું છે. મુખ્યમંત્રીનું આ પ્રકારનું આજીજીભર્યું વર્તન લોકશાહી વ્યવસ્થા માટે સારી નિશાની નથી. જ્યારે નૈતિકતા ખતમ થઈ ગઈ છે, વિશ્વસનીયતા શૂન્ય છે અને સમાજમાં સ્વીકૃતિ સૌથી નીચા સ્તરે છે, તો શું અધિકારીઓની સામે આવું કરવું નીતિશ કુમારની મજબૂરી છે?

તમને જણાવી દઈએ કે બિહાર પોલીસના એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી નીતિશ કુમારે હાથ જોડીને ડીજીપી આલોક રાજને પોલીસ કર્મચારીઓની ભરતીમાં ઝડપ લાવવા વિનંતી કરી હતી. સીએમ નીતીશે હાથ જોડીને કહ્યું, મને કહો, શું તમે આ કામ ઝડપથી કરી શકશો? ટોચના પોલીસ અધિકારીએ કહ્યું કે બિહાર પોલીસ મુખ્યમંત્રીની સૂચનાઓને લાગુ કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે ઝડપી ભરતી અને મજબૂત તાલીમ સુનિશ્ચિત કરીશું. જેના જવાબમાં મુખ્યમંત્રીએ ડીજીપીનો આભાર માન્યો હતો. નીતિશ કુમારનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

મુખ્યમંત્રીની આ ટિપ્પણી બિહારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર વિપક્ષના આક્ષેપોની પૃષ્ઠભૂમિમાં આવી છે. બિહારમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને નીતિશ કુમારની આગેવાની હેઠળની ભાજપ-જેડીયુ ગઠબંધન સરકાર ગુનાખોરીને લઈને વિપક્ષની ટીકાઓનો સામનો કરી રહી છે. હકીકતમાં, બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે ગયા અઠવાડિયે કહ્યું હતું કે એવો કોઈ જિલ્લો નથી જ્યાં હત્યા, લૂંટ, અપહરણ અને બળાત્કારની ઘટનાઓ ન થઈ રહી હોય. પરંતુ કોઈ કાર્યવાહી થતી નથી. એફઆઈઆર નોંધાય તો તપાસ થતી નથી. લોકોને ન્યાય મળતો નથી. મુખ્યમંત્રી નીતિશ કુમાર બિહાર ચલાવી શકતા નથી.

# જમીન વિવાદમાં પિતા-પુત્ર સહિત પાંચ લોકોની હત્યાના કેસમાં ૧૫ આરોપીઓને આજીવન કેદ

**(એજન્સી) નાલંદા,**
નાલંદા જિલ્લામાં જમીન વિવાદને લઈને ત્રણ વર્ષ પહેલા થયેલા સામૂહિક હત્યાના કેસમાં ૧૫ આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે. ૪ ઓગસ્ટ, ૨૦૨૧ ના રોજ, છબિલાપુર પોલીસ સ્ટેશન વિસ્તારના લોદીપુર ગામમાં એક જ પરિવારના પાંચ લોકોની નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. મૃતકોમાં યદુનંદન યાદવ (૬૦), તેમના બે પુત્રો પિન્ટુ યાદવ (૩૦) અને મધેશ યાદવ (૨૫), તેમજ પરશુરામ યાદવના પુત્રો ધીરેન્દ્ર યાદવ (૫૦) અને શિવેન્દ્ર યાદવ (૩૨)નો સમાવેશ થાય છે. આ ઘટનામાં અન્ય ચાર લોકો પણ ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ વિવાદ લગભગ એક દાયકા જૂનો છે. આશરે ૫૦ વીઘા જમીન બાબતે બંને પક્ષો વચ્ચે ૨૦૧૦થી તણાવ ચાલી રહ્યો હતો. ઘટનાના દિવસે એક પક્ષે વિવાદિત ખેતર ખેડવાનો પ્રયાસ કર્યો હતો, જ્યારે બીજા પક્ષે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે તેના પર ગોળીઓ ચલાવવામાં આવી હતી. આ ઘટનામાં યદુનંદન યાદવ, પિન્ટુ યાદવ, મધેશ યાદવ, ધીરેન્દ્ર યાદવ અને શિવેન્દ્ર યાદવનું ગોળી વાગવાથી મોત થયું હતું. ૨૭ સપ્ટેમ્બરે એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ-૩ અઘોરી અભિષેક સહાયની કોર્ટે ભોલા યાદવ, રામકુમાર યાદવ સહિત ૧૫ લોકોને હત્યા, ખૂની હુમલો અને આર્મ્ડ એક્ટ હેઠળ દોષિત ઠેરવ્યા હતા. બે સગીર આરોપીઓનો કેસ જુવેનાઈલ જસ્ટિસ કાઉન્સિલમાં વિચારણા હેઠળ છે. ૧૫ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

ત્રણ વર્ષ વીતી જવા છતાં ગામના લોકો ભયભીત છે. જે ભૂમિ માટે આટલું રક્તપાત થયું તે જમીન આજે પણ ઉજ્જડ પડી છે. પીડિત પરિવારની સુરક્ષા માટે તૈનાત હોમગાર્ડ સૈનિકો મૂક સાક્ષી છે કે ન્યાય પ્રક્રિયા હોવા છતાં, શાંતિ પુનઃસ્થાપિત કરવી હજી દૂર છે. દોષિતોનાં ઘરોને તાળાં લાગેલાં છે, જે આ દુઃખદ ઘટનાની મૌન સાક્ષી આપે છે.

# અનિયમિતતા કરનારા અધિકારીઓના વિવિધ સ્થળોએ પોસ્ટર લગાવીશું : અખિલેશ યાદવ

**(એજન્સી)લખનૌ,**
સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે પેટાચૂંટણીમાં ભાજપને જીત અપાવવા માટે અધિકારીઓ ભાજપના કાર્યકરોની જેમ કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આંબેડકર નગરના જિલ્લાધિકારી ભાજપના જિલ્લા અધ્યક્ષની જેમ કામ કરી રહ્યા છે. અમે ગેરરીતિ કરનારા અધિકારીઓની ફરિયાદ ચૂંટણી પંચને કરીશું અને વિવિધ સ્થળોએ તેમના પોસ્ટર લગાવીશું. સપા પ્રમુખ અખિલેશ યાદવ પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા.

તેમણે મહિલા કોન્સ્ટેબલ પર બળાત્કારના મામલામાં યોગી સરકારને ઘેરી હતી. તેમણે કહ્યું કે મહિલા સુરક્ષાના મામલે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા શૂન્ય છે. તેમણે કહ્યું કે રાજ્યમાં પોલીસ દબાણ હેઠળ કામ કરી રહી છે. ભાજપે પોલીસને હાથકડી લગાવી છે.

અખિલેશ યાદવે કહ્યું કે ભારત ગઠબંધન એકજૂટ છે. સાથે મળીને પેટાચૂંટણી લડશે. ભાજપ ગમે તેટલી કોશિશ કરે, પીડીએ એકજૂટ રહેશે. યુપીમાં એક વર્ષમાં ગરીબી દૂર કરવાના ભાજપના દાવા પર તેમણે કહ્યું કે એક વર્ષમાં સરકાર જતી રહેશે. અખિલેશ યાદવે આરોપ લગાવ્યો કે ભાજપે બહરાઈચમાં રમખાણો કરાવ્યા છે. આ લોકો પેટાચૂંટણીમાં હારથી ડરી ગયા છે અને પોતાની નિષ્ફળતા છુપાવવા માટે આવું કરી રહ્યા છે. તેમણે કહ્યું કે પોલીસ પર ભાજપનું દબાણ છે. યુપીમાં નકલી એન્કાઉન્ટરો થઈ રહ્યા છે. મંગેશ યાદવનો સુલતાનપુરમાં સામનો થયો અને જ્યારે સવાલો ઉઠવા લાગ્યા ત્યારે એક ઠાકુર સામે આવ્યો. એક યાદવને માર્યા બાદ તેને સંતુલિત કરવા માટે એક ઠાકુરની હત્યા કરવામાં આવી હતી. જ્યાં સુધી જનતા ભાજપને હટાવે નહીં ત્યાં સુધી ન્યાય નહીં મળે.

આ પહેલા સપાના ઉમેદવાર શોભાવતી વર્મા મંગળવારે કલેક્ટર કચેરી પહોંચી અને આંબેડકર નગરના કટેહારી વિધાનસભા ક્ષેત્રની પેટાચૂંટણી માટે પોતાનું નામાંકન ભર્યું. તેણે બે સેટમાં ફોર્મ ભર્યું. સાંસદ લાલજી વર્મા, પૂર્વ મંત્રી ધારાસભ્ય રામ અચલ રાજભર, પૂર્વ સાંસદ ધારાસભ્ય ત્રિભુવન દત્ત અને પૂર્વ સ્ન્ઝ હિરાલાલ યાદવ સાથે નામાંકન ભર્યા બાદ શોભાવતીએ કહ્યું કે કટેહરીના લોકો તેમની સાથે છે. મતદારો જાતિ અને ધર્મથી ઉપર ઉઠીને તેમનું સમર્થન કરશે.

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**
**ટીએમએસ સાઈડિંગને જોડવું**
ઇ-ટેન્ડર નંબર: **133/2024-25** કામનું નામ: બોટાદ: યાર્ડમાં ટીએમએસ સાઈડિંગને જોડવું ટેન્ડર કિંમત (રૂ.) : ₹15,72,614.18 ઇએમડી (રૂ.) : ₹31,500.00 બિડ શરુ થવાની તારીખ : 29/10/2024 બિડ બંધ થવાની તારીખ : 12/11/2024 એનઆઈટી તારીખ : 21/10/2024 રેલવે વેબસાઈટ www.ireps.gov.in પર અપલોડ કરવામાં આવી છે. 129
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**
**ડિઝલ એન્જીન માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**
**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/ટીઆર/એડીઆઈ/07 (2024-25) તા.17-10-2024. **અનુ. નં.1 ટેન્ડર નં.** ટીઆરડી-એડીઆઈ-ટી-04-2024-25 **કામનું નામઃ** અમદાવાદ ડિવિઝનના ટીઆરડી યુનિટ માટે 8-વ્હિલર ટાવર વેગન્સના ડિઝલ એન્જીનનો 02 વર્ષ માટે સર્વગ્રાહિ વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (એએમસી). **અંદાજીત પડતરઃ** ₹ 4,68,63,886/- **અર્નેસ્ટ મનીઃ** ₹ 3,84,300/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.14-11-2024 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.14-11-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-208
અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**
**ઈલેક્ટ્રિકલ કાર્ય**
ઇ-ટેન્ડર-નોટિસ નંબર : **Sr.DEE/ADI/47 (24-25)** તારીખ- **21.10.2024** ટેન્ડર નંબર : EL-50-1-ADI-T-62-2024-25 **કામનું નામ :** સાબરમતી ખાતે રમતગમતની સુવિધા વધારવા અને અમદાવાદ રેલવે સ્ટેશન પર આઉટ ટુ આઉટ FOB રિપેર કરવા સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્ય. **અંદાજિત કિંમત :** ₹1,05,18,292/- **અર્નેસ્ટ મની :** ₹2,02,600/- **ટેન્ડર ફોર્મ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય :** 19.11.2024 ના 15:00 કલાક સુધી. **ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય :** 19.11.2024 ના 15:30 કલાકે. **ઓફિસ સરનામું :** સિનીયર વિભાગીય વિધુત ઇન્જીનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ- 382345 **વેબ સાઈટ સરનામું :** www.ireps.gov.in 211
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**
**પેઇન્ટિંગ અને રેટ્રો રિફ્લેક્ટિવ ટેપ અને સ્ટીકરોની જોગવાઈ**
**(1) ટેન્ડર નંબર :** M-LS-VTA-24-25-PuPaint તારીખ 19/10/2024 **(2) કામનું નામ:** ઇલેક્ટ્રીક લોકો શેડ વટવા ખાતે 02 વર્ષ માટે પીયુ (પોલીયુરેથીન) પેઇન્ટ વડે ઇલેક્ટ્રીક લોકોમોટિવનું પેઇન્ટિંગ અને રેટ્રો રિફ્લેક્ટિવ ટેપ અને સ્ટીકરોની જોગવાઈ માટે વર્ક કોન્ટ્રાક્ટ. **(3) કામની અંદાજિત કિંમત :** ₹22,46,822/- **(4) ટેન્ડર દસ્તાવેજની કિંમત :** શૂન્ય **(5) અર્નેસ્ટ મની :** ₹44,900/- **(6) પૂર્ણ થવાની અવધિ :** 24 મહિના **(7) ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ :** 19/11/2024 ના 14:00 કલાક **(8) વેબસાઈટ વિગતો :** www.ireps.gov.in **(9) ટેન્ડર આમંત્રિત કરતી સત્તાધિકારી અને તેનું સંપૂર્ણ સરનામું :** સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર, Sr.DME/ ELS/VTA ની ઇલેક્ટ્રિક લોકો શેડ વટવા ઑફિસ, ઇલેક્ટ્રિક લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલવે, અમદાવાદ, ગુજરાત - 382445 210
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**વેસ્ટર્ન ટાઇમ્સ**
**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**
**પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવા માટે ઈ-હરાજી**
ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન થી શરૂ થતી પેસેન્જર લઈ જતી ટ્રેનોમાં,નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ માટે પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવાની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજી ની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-Lease-25-24 | પાર્સલ | પાર્સલ - SLR | લોટ માટે ઈ-હરાજી તા.04-11-2024 ના 10:00 કલાક થી શરૂ થશે. |

નોંધ : પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ વાઈઝ વિગતો ત્યાં દર્શાવેલા કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનું મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-વાઈઝ બંધ થવાનો સમય આઈઆરઈપીએસ ના ઈ-હરાજી મોડ્યૂલ માં જોઈ શકાશે. ADI-209
અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**ઈ હરાજી સૂચના**
**પૂરથી અસરગ્રસ્ત કોપર પાઈપ, આઉટલેટની વસ્તુઓ અને અન્ય સામગ્રી વગેરે**
રસ ધરાવતા ખરીદદારોને પૂરથી અસરગ્રસ્ત કોપર પાઈપ, આઉટલેટની વસ્તુઓ અને અન્ય સામગ્રી પ્રતિ યુઓએમના આધારે નિકાલ માટે ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે વિષય બચાવનું વેચાણ “જેમ છે ત્યાં છે”, ગમે ત્યાં છે” અને “કોઈ ફરિયાદ નથી”ના આધારે કરવામાં આવશે અને તે **મેસર્સ પ્રાઈમ ટેકનોમેડ હેલ્થકેર પ્રા.લિ.**ની છે. વિષય સામગ્રીનું નિરીક્ષણ ૨૮, પાર્વતી નિકેતન કોલોની, આર્યકન્યા વિદ્યાલયની બાજુમાં, કારેલી બાગ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૮ ખાતે **તા.૨૪-૧૦-૨૪થી ૦૫-૧૧-૨૪ની વચ્ચે** સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી માત્ર કામકાજના દિવસોમાં **શ્રી ચિતન ૯૧૦૬૩૭૩૩૦૮** પર સંપર્ક કરીને નિરીક્ષણ કરી શકાશે.
**ઈ-હરાજી ૦૬-૧૧-૨૪ના રોજ યોજાશે**
ઈ હરાજીના નિયમો અને શરતો સાથેનું ફોર્મ મેળવવા માટે કૃપા કરીને વેબસાઈટ https://www.sealthedeal.co.in/ પરથી ડાઉનલોડ કરો અથવા **શ્રી શમશેર સિંઘ મો.૯૭૦૯૭૦૯૯૯૨** પર સંપર્ક કરો.
હરાજી કરનાર સીલ ધ ડીલ જેની રજીસ્ટર ઓફીસ દુકાન નં.૧૪૮ પોકેટ સી-૨, સેક્ટર-૫, રોહિની, દિલ્હી-૧૧૦૦૮૫
ફોર્મ અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે સબમિશન કરવાની છેલ્લી તા.૦૫-૧૧-૨૪ છે.

**ઈ હરાજી સૂચના**
**પાણીથી અસરગ્રસ્ત આશરે ૮૩,૬૭૦.૧૦ કિલો કપાસની ગાંસડી**
રસ ધરાવતા ખરીદદારોને પાણીથી અસરગ્રસ્ત આશરે ૮૩,૬૭૦.૧૦ કિલો કપાસની ગાંસડીનુ કિ.ગ્રા.ના આધારે ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે. વિષય બચાવનું વેચાણ “જેમ છે ત્યાં છે”, ગમે ત્યાં છે” અને “કોઈ ફરિયાદ નથી”ના આધારે કરવામાં આવશે અને તે **મેસર્સ પી.ડી.શેખસરિયા ટ્રેડિંગ કો.પ્રા..લિ.**ની છે. વિષય સામગ્રીનું નિરીક્ષણ મુરલીધર પેકિંગ એન્ડ સ્ટોરેજ પ્રા.લિ.- વેરહાઉસ નં.૧-એ, પ્લોટ નં.૧, જીઆઈડીસી, સર્વે નં.૧૬૯/પી, ગામ-ધ્રુબ, તાલુકો-મુંદ્રા, જિલ્લો-કચ્છ, ગુજરાત-૩૭૦૪૨૧ ખાતે **તા.૨૪-૧૦-૨૪ થી ૦૫-૧૧-૨૪** વચ્ચે **સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી શ્રી અભિષેક મશરુ ૯૯૯૮૮૪૯૧૭૨** અને **શ્રી ઉદીત જૈન ૯૮૧૦૨૩૧૬૭૭** પર સંપર્ક કરીને નિરીક્ષણ કરી શકાશે.
**ઈ-હરાજી ૦૬-૧૧-૨૪ના રોજ યોજાશે**
ઈ હરાજીના નિયમો અને શરતો નું ફોર્મ મેળવવા માટે કૃપા કરીને **શ્રી અતુલ હાલારંકર મો.૭૭૩૮૧૬૪૦૬૯** પર સંપર્ક કરો અથવા વેબસાઈટ https://www.sealthedeal.co.in/ પરથી ડાઉનલોડ કરો
હરાજી કરનારઃ સીલ ધ ડીલ જેની રજીસ્ટર ઓફીસ દુકાન નં.૧૪૮ પોકેટ સી-૨, સેક્ટર-૫ રોહિની, દિલ્હી-૧૧૦૦૮૫
ફોર્મ અનેEMD અનો ડિમાન્ડ ડ્રાફ્ટ સબમિટ કરવાની છેલ્લી તારીખ૦૫-૧૧-૨૪ સુધી છે

## INDO CREDIT CAPITAL LIMITED

CIN: L65910GJ1993PLC020651
**Regd.Off.:**304, Kaling, B/h. Bata Show Room, Nr. Mt. Carmel School, Ashram Road, Ahmedabad 380009
www.indocreditcapital.com **email:** indocredit@rediffmail.com **Tele Fax:** 079-26580366

### Extract of Unaudited Financial Results for the Quarter ended 30th September, 2024

(Rs. In Lacs )

| PARTICULARS | Quarter Ended 30/09/2024 (unaudited) | Year Ended 31/03/2024 (Audited) | Quarter Ended 30/09/2023 (unaudited) |
|---|---|---|---|
| Total income from operations (net) | 0.00 | 24.87 | 0.00 |
| Net Profit / (Loss) from ordinary activities after tax | -3.86 | -5.08 | -2.88 |
| Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items) | -3.86 | -5.08 | -2.88 |
| Equity Share Capital | 723.08 | 723.08 | 723.08 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | -136.36 (As on 31-03-2024) | -136.36 (As on 31-03-2024) | -131.28 (As on 31-03-2023) |
| Earnings Per Share (before extraordinary items) (Rs.10/- each) | | | |
| Basic: (Rs | (0.05) | (0.07) | (0.04) |
| Diluted (Rs.) | (0.05) | (0.07) | (0.04) |
| Earnings Per Share (After extraordinary items) ( Rs.10/- each) | | | |
| Basic: (Rs | (0.05) | (0.07) | (0.04) |
| Diluted (Rs.) | (0.05) | (0.07) | (0.04) |

**Note:**
1. The aforesaid results of the Company were reviewed by theAudit Committee and approved by the Board of Directors at its meeting held on 23th October, 2024.
2. The above is an extract of the detailed format of Quarterly & Half Yearly Financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites, www.bseindia.com and on company's website www.indocreditcapital.com
3. The Previous year/period figures have been regrouped/rearranged, wherever necessary to make them comparable with the current period figures.

Date : **23/10/2024**
Place : **Ahmedabad**

**For and On Behalf of the Board of Directors**
**INDO CREDIT CAPITAL LIMITED**
**Ramkaran Mangachand Saini**
**Whole Time Director**
**(DIN: 00439446)**

**અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ**
**સેન્ટ્રલ ઓફિસ, ટ્રાન્સપોર્ટ હાઉસ, જમાલપુર, અમદાવાદ-૨૨**
**સ્ટોર્સ વિભાગ ઈ-ટેન્ડર નં.પી-૫/૨૦૨૪-૨૫**
સંસ્થાના કોમ્પ્યુટર તથા પ્રિન્ટર્સ (નોન કોમ્પ્રીહેન્સીવ)ના ત્રિ-વાર્ષિક મરામત તથા સર્વિસ કોન્ટ્રાક્ટર આપવા બાબત.
ટેન્ડરની સંપૂર્ણ વિગતો શરતો અને નિયમો કોર્પોરેશનની વેબસાઈટ https://tender.nprocure.com ઉપર મળી શકશે.
ટેન્ડરના ભાવો માત્ર https://tender.nprocure.com ઉપર તા.૮/૧૧/૨૦૨૪, ૧૭.૦૦ કલાક સુધીમાં માત્ર ઓનલાઈન ભરવાના રહેશે.
અ.મ્યુ.ટ્રા.સ.ની ફરીયાદઅંગે ડાયલ કરો ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૦૮૮૧
અ.મ્યુ.ટ્રા.સ. દ્વારા પ્રકાશીત

**Franklin Templeton Mutual Fund**
Cordially invites you for a program under it's **Investor Education and Awareness Initiative.**
Venue :
Radisson Blu, Panchvati Cross Road, Ellisbridge, Ahmedabad 380007
Date: 26th October, 2024
Time: 6:30 p.m.
Contact Person: Pravin Sumesara (9898018526)
Due to limited seats, entry will be provided to registered attendees only. Please call on the above number to register by tomorrow.
We look forward to your participation.
FRANKLIN TEMPLETON
Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West) Mumbai - 400013
**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**

## Xiaomi India Expands its Customer Accessibility Options with Sign Language Support

Bangalore, Xiaomi India announced the launch of a dedicated Sign Language Support feature, underscoring its commitment to making technology accessible to all. This new service aims to bridge the communication gap for hearing and speech-impaired users, ensuring a seamless and inclusive customer experience. Xiaomi has invested in a team of trained sign language interpreters to provide one-on-one support in both English and Hindi languages. This human-centered approach empowers users to interact effectively with Xiaomi products and services, regardless of their communication abilities. How to Access Sign Language Support Customers can easily request sign language assistance by contacting Xiaomi Customer Care via WhatsApp. They will be asked to select their preferred time slot for a virtual consultation. Once confirmed, a video link will be shared for the scheduled session. Availability and Hours of Operation The sign language support service is available 365 days a year, from 9:00 AM to 6:00 PM, Monday to Sunday. The dedicated team of interpreters is ready to assist customers with inquiries, order-related questions, and technical support. As a global leader in technology and innovation, Xiaomi believes in the power of technology to help enhance human connection and increase opportunity and access for all, which makes this new sign language feature service one of the company's latest endeavours to provide accessibility features. Xiaomi Corporation was founded in April 2010 and listed on the Main Board of the Hong Kong Stock Exchange on July 9, 2018 (1810.HK). Xiaomi is a consumer electronics and smart manufacturing company with smartphones and smart hardware connected by an IoT platform at its core.

## Air India, Singapore Airlines expand codeshare pact, add 51 new destinations

New Delhi, Oct 23 (IANS) Air India and Singapore Airlines (SIA) on Wednesday announced to expand their codeshare agreement, adding 11 Indian cities and another 40 international destinations to their network.

From October 27, Air India and SIA will codeshare on each other's flights between Singapore and Bengaluru and Chennai, increasing their total weekly scheduled codeshare services between the countries to 56 from 14.

